Royal College of Anaesthetists

# શામક દવાની સમજણ

આ પત્રિકા સમજાવે છે કે શામક દવા શું છે, તે કેવી રીતે કાર્ય કરે છે અને તમને તેની જરૂર ક્યારે પડી શકે છે. તે શામક દવાનો ઉપયોગ કરવાના ફાયદા અને જોખમો વિશે તથા તેનાથી કેવું લાગી શકે તે પણ સમજાવે છે.

ખાસ કરીને, તે તમને જણાવે છે કે શામક દવા આપ્યા પછી તમારી સંભાળ માટે તમારે શું તૈયારી કરવાની જરૂર પડશે.

તેને દર્દીઓ, દર્દીના પ્રતિનિધિઓ અને એનેસ્થેટિસ્ટો દ્વારા સાથે મળીને કામ કરીને લખવામાં આવ્યું છે.

શામકતા સામાન્ય રીતે તમારી નસમાં (આઇવી અથવા ઇન્ટ્રાવેનસ) આપવામાં આવે છે, પરંતુ કેટલીકવાર મોં દ્વારા (મૌખિક) અથવા ચહેરાના માસ્ક દ્વારા આપી શકાય છે.

## ઇન્ટ્રાવેનસ શામકતા એટલે શું?

ઇન્ટ્રાવેનસ શામકતા એટલે જ્યારે તમારા મન-શરીરમાં હળવાશ લાવવા માટે તમારા લોહીના પ્રવાહમાં (નસમાં) ડ્રીપ (નળી) દ્વારા કોઈ શામક (શામકતાની દવા) ઇન્જેક્ટ કરવામાં આવે છે.

'સિડેશનિસ્ટ (શામકતાની દવા આપનાર)' એ હેલ્થકેર પ્રોફેશનલને આપવામાં આવેલું નામ છે જે આ કાર્ય કરે છે.

તેઓને શામકતાની દવાની યોગ્ય માત્રા આપવા અને કોઈપણ આડઅસરોનું સંચાલન કરવાની તાલીમ આપવામાં આવેલી હોય છે. ઑપરેશન થિયેટરમાં, સામાન્ય રીતે એનેસ્થેટિસ્ટ એ સિડેશનિસ્ટ હોય છે. અન્ય જગ્યાએ, આ કોઈ નર્સ, સર્જન અથવા અન્ય પ્રશિક્ષિત વ્યવસાયી હોઈ શકે છે. તમારા સિડેશનિસ્ટ તમારી સારવાર દરમિયાન હંમેશાં તમારી સાથે જ રહેશે.

ઇન્ટ્રાવેનસ  શામકતા (નસ દ્વારા શામક દવા આપવા)ના ત્રણ જુદા જુદા સ્તરો છે. તેને 'ન્યૂનતમ', 'મધ્યમ' (ક્યારેક સભાન શામકતા પણ કહેવામાં આવે છે) અને 'તીવ્ર' શામકતા કહેવામાં આવે છે.

- **ન્યૂનતમ શામકતા** – સિડેશનિસ્ટ તમને શામક દવાની થોડી માત્રા આપશે. તમારી આસપાસ જે બની રહ્યુ◌ં છે તેનાથી તમે હળવાશ અને ઓછી ચિંતા અનુ◌ુ◌ુ◌ુવશો, પરંતુ તમે જાગૃત રહેશો અને સામાન્ય રીતે વાત કરી શકશો. તમને તમારી સારવાર કરાવ્યાનું યાદ રહેશે, પરંતુ બધી વિગત યાદ નહીં હોય. ન્યૂનતમ શામકતાથી તમારી શ્વાસ લેવાની પ્રક્રિયાને અસર ન થવી જોઈએ.
- **મધ્યમ શામકતા (સભાન શામકતા)** – સિડેશનિસ્ટ તમને થોડી વધુ શામક દવા (દવાઓ) આપશે જેથી તમે ખૂબ જ હળવાશ અને સુપ્તતા અનુ◌ુભવશો. જોકે મહત્વનું એ છે કે, હજી પણ તમારા સિડેશનિસ્ટ તમારી સાથે વાત કરી શકે છે અને તમે સરળ સૂચનાઓનું પાલન કરી શકશો. તમને તમારી સારવારના કેટલાક ભાગો યાદ રહી શકે છે. મધ્યમ શામકતાથી તમારી શ્વાસ લેવાની પ્રક્રિયાને અસર ન થવી જોઈએ.
- **તીવ્ર શામકતા** – સિડેશનિસ્ટ તમને એક અથવા વધુ દવાઓની ઉચ્ચ માત્રા આપશે જેનાથી તમારી સારવારના મોટાભાગના સમય દરમિયાન તમને ઊંઘ આવશે. તમારા ડૉક્ટર તમારી સારવાર દરમિયાન તમારી સાથે વાત કરવાની અપેક્ષા રાખશે નહીં. તમને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે અને તમારા સિડેશનિસ્ટ તમારા શ્વાસોચ્છ્વાસ પર નજર રાખશે અને જરૂર પડવા પર તમને મદદ કરશે. તમને ક્યારેક તમારી સારવારનો કોઈ ભાગ યાદ રહી શકે છે. યુકેમાં, એનેસ્થેટિસ્ટની તાલીમ અને કૌશલ્યનું સ્તર ધરાવતા કર્મચારીઓ દ્વારા તીવ્ર શામકતાની દવાને આપવું આવશ્યક છે.

## મૌખિક શામકતા એટલે શું?

આ, સામાન્ય એનેસ્થેટિક આપતાં પહેલાં ખૂબ જ ચિંતિત લોકોને હળવા કરવા માટે કેટલીકવાર ઉપયોગી થઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે તે તે એકલું કોઈ પ્રક્રિયા દરમિયાન તમને હળવા કરવા માટે પૂરતું નથી. તેની અસર થવામાં થોડો સમય લાગે છે અને લોકોથી લોકોમાં તેની માત્રા અલગ હોવાથી તેની યોગ્ય માત્રા મેળવવી મુશ્કેલ થઈ શકે છે.

**કૃપા કરીને તમારા હોસ્પિટલમાં આવતાં પહેલાં તમે મોં દ્વારા લઈ શકો તે માટે શામક દવા લખી આપવાનું તમારા જી.પી.ને કહેશો નહીં, સિવાય કે તમે પહેલેથી જ તમારા સંમતિ ફોર્મ પર હસ્તાક્ષર કર્યા હોય, કારણ કે તે તમારા વિચારો અને નિર્ણયશક્તિને અસર કરી શકે છે.**

તે મહત્વનું છે કે જ્યારે તમે જોખમો અંગે ચર્ચા કરવા અને ફોર્મ પર હસ્તાક્ષર કરવા માટે તમારા ડોક્ટર સાથે મળો ત્યારે તમે ઑપરેશન અથવા પ્રક્રિયા કરવા માટે સંમત છો તે જણાવવા માટે સ્પષ્ટપણે વિચાર કરી શકો.

## શામકતા અને સામાન્ય એનેસ્થેસિયા વચ્ચે શું તફાવત છે?

શામકતા અને સામાન્ય એનેસ્થેસિયા વચ્ચેના મુખ્ય તફાવતો છે:

- તમારી સભાનતાનું સ્તર
- તમને શ્વાસ લેવામાં સહાયતા હેતુ સાધનોની જરૂરિયાત
- સંભવિત આડઅસરો.

ન્યૂનતમ અને મધ્યમ શામકતા સાથે તમે સુપ્તતા, આરામદાયક, નિંદ્રાધીન અને હળવાશ અનુભવો છો, પરંતુ તમે સમગ્ર પ્રક્રિયા દરમિયાન સભાન રહો છો.

સામાન્ય એનેસ્થેસિયા સાથે તમે પ્રક્રિયા દરમિયાન સંપૂર્ણપણે પ્રતિભાવવિહીન અને બેભાન રહો છો.

તીવ્ર શામકતા એ બેની વચ્ચેની સ્થિતિ છે.

## ઇન્ટ્રાવેનસ શામકતા (નસ દ્વારા શામક દવા આપવા) હેઠળ કઈ સારવાર હાથ ધરી શકાય છે?

ઇન્ટ્રાવેનસ શામકતા (નસ દ્વારા શામક દવા આપવા)થી ઘણી બધી નાની સારવારો કરી શકાય છે. અમુક ઉદાહરણોમાં શામેલ છે:

- ત્વચા અથવા સ્તનની બાયોપ્સી
- અસ્થિભંગ થયેલાં હાડકાંની સામાન્ય મરમ્મત
- ત્વચા, હાથ અથવા પગની સામાન્ય શસ્ત્રક્રિયા
- પેટ (એન્ડોસ્કોપી), ફેફસાં (બ્રોન્કોસ્કોપી), કોલોન (કોલોનોસ્કોપી) અથવા મૂત્રાશય (સિસ્ટોસ્કોપી)ની સમસ્યાઓનું નિદાન કરવામાં સહાય માટેની પ્રક્રિયાઓ
- દાંત દૂર કરવામાં અથવા અન્ય દાંતની સારવાર માટે
- આંખના ઓપરેશન, જેમ કે મોતિયો દૂર કરવો.

## ઇન્ટ્રાવેનસ શામકતા (નસ દ્વારા શામક દવા આપવા) ના ફાયદા શું છે?

- તે એક ઝડપી ક્રિયા છે અને દવાની માત્રાને ઓછી-વધતી કરી શકાય છે જેથી તમને યોગ્ય માત્રા મળે.
- તેનાથી તમે તમારી સારવાર દરમિયાન તમે વધુ હળવા થઈ શકો છો. તેનો અર્થ એમ પણ થઈ શકે કે સારવાર પછીથી તમારી સારવાર વિશે તમને બહુ ઓછું યાદ રહે છે.
- કેટલીક પ્રક્રિયાઓ માટે, તે એક સામાન્ય એનેસ્થેટિકની જરૂરિયાતને ટાળે છે જે કેટલીક તબીબી સમસ્યાઓવાળા દર્દીઓ માટે અયોગ્ય હોઈ શકે છે.
- સામાન્ય એનેસ્થેટિક કરતાં તેની આડઅસર ઓછી હોય છે.

- સામાન્ય એનેસ્થેટિકની તુલનામાં રિકવરી વધુ ઝડપી હોય છે, તેથી જો તમને સારું લાગે તો તમે સામાન્ય રીતે તમારી સારવારના એક કલાકની અંદર ઘરે જઈ શકો છો.

## નસ દ્વારા શામક દવા આપવાના શું જોખમ હોય છે?

- તમારા શ્વાસોચ્છ્વાસનો દર ધીમો થઈ શકે છે. આમ થવું એ તીવ્ર શામકતાની પ્રક્રિયામાં સામાન્ય છે, પરંતુ જ્યારે પણ શામકતાનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે આનું જોખમ રહે જ છે. સીડેશનિષ્ટ તમારું નિરીક્ષણ કરવામાં કુશળ હોય છે અને જરૂર પડવા પર તમને શ્વાસ લેવામાં સહાય કરી શકે છે.
- તમારા બ્લડ પ્રેશરમાં ઘટાડો થવો સામાન્ય છે, પરંતુ સીડેશનિષ્ટને આની સારવાર કરવાની પણ તાલીમ મળેલી હોય છે.
- સારું ન લાગે અથવા ઊલટી થવા લાગે એવું બની શકે, પરંતુ તે અમુક કિસ્સામાં જ થાય છે.
- શામકતાથી કોઈ પ્રતિકૂળ પ્રતિક્રિયા થવાના કિસ્સા બહુ જૂજ હોય છે.
- તમારા શરીરમાં જ્યાંથી કેન્યુલા દાખલ કરાયું હોય અથવા દાખલ કરવાનો પ્રયાસ કરાયો હોય તે જગ્યાએ નાનો ઉઝરડો પડ્યો હોઈ શકે છે.
- સારવાર પછીથી, તમે હલનચલનમાં થોડી અસ્થિરતા અનુભવો એવું બની શકે અને તમે નીચે પડી જવાનું વધુ જોખમ ધરાવતા હોઈ શકો છો, ખાસ કરીને જો તમે વૃદ્ધ વ્યક્તિ હોવ.
- શામક દવાથી 24 કલાક સુધી તમારી નિર્ણય-શક્તિ અને સ્મરણ-શક્તિ પર અસર પડી શકે છે.

## શામકતાને બદલે બીજા વૈકલ્પિક ઉપાય કયા છે?

- **સામાન્ય એનેસ્થેટિક:** તમે સમગ્ર પ્રક્રિયામાં સંપૂર્ણપણે બેભાન અવસ્થામાં રહેશો અને તમને તે પ્રક્રિયાની કોઈ સ્મૃતિ રહેશે નહીં
- **કોઈપણ શામકતા વિનાનું સ્થાનિક એનેસ્થેટિક:** તમે તમારી સારવાર દરમિયાન સંપૂર્ણપણે ભાનમાં રહેશો, પણ આરામદાયક સ્થિતિમાં હશો. તમને પ્રક્રિયા જોવાથી રોકવા માટે એક સ્ક્રીન (પડદો) મૂકવામાં આવી શકે છે.

## મને શામક દવા આપી શકાય કે કેમ તે કોણ નક્કી કરે છે?

તમે તપાસણીના સમયે તમારા ડૉક્ટર કે નર્સની સાથે શામકતા અંગેના વિકલ્પની ચર્ચા કરી શકો છો. જો તેનો વિકલ્પ આપવામાં આવ્યો નથી, તો તમે તે લેવી શક્ય છે કે નહીં તે જાણવા માટે ક્યારેય પણ પૂછી શકો છો.

જો તમને હાજર તબીબી બીમારીઓથી વધુ જોખમ હોય, તો તમારા ડૉક્ટર તમારી સાથે વિકલ્પોની ચર્ચા કરશે અને તમે સાથે મળીને નિર્ણય સુધી પહોંચી શકો છો.

## મને શામક દવા આપવામાં આવશે, હું હોસ્પિટલમાં આવું તે પહેલાં મારે શું કરવું જોઈએ?

- જો તમારા પર આશ્રિત કોઈ લોકો હોય કે જેની તમે સંભાળ રાખતા હોવ, ઉદાહરણ તરીકે, બાળકો અથવા વૃદ્ધ લોકો, તો તમારે આગલા દિવસ સુધી બીજી કોઈ વ્યક્તિ તેમની સંભાળ લે તેવી વ્યવસ્થા કરવાની જરૂર પડશે.
- કોઈ પુખ્ત વયની સમર્થ વ્યક્તિએ તમને કાર અથવા ટેક્સી દ્વારા – આદર્શ રીતે જાહેર પરિવહન દ્વારા નહીં – ઘરે લઈ જવાની જરૂર પડશે. શામકતાની અસરો 24 કલાક સુધી રહી શકતી હોવાથી તેઓએ તમારી સંભાળ રાખવા માટે રાતવાસો કરવો જોઈએ.
- તમે ઉપયોગમાં લેતા હો તેવા કોઈ ઇન્હેેલર સહિત તમારી બધી દવાઓ તમારી સાથે હોસ્પિટલમાં લઈ જાવ.
- જો તમને કોઈ બીમારી હોય, શરદી થઈ હોય અથવા તમે ગર્ભવતી હો, તો કૃપા કરીને તમારી હોસ્પિટલનો સંપર્ક કરો કેમ કે શામક દવા લેવું સુરક્ષિત ન પણ હોઈ શકે. તમારી સારવારની ફરી વ્યવસ્થા કરવી પડી શકે છે.
- જો તમે સ્તનપાન કરાવતા હોવ તો પ્રક્રિયા થવાના દિવસે તમારા ડૉક્ટરને તે અંગે જણાવો.
- હોસ્પિટલમાં આવતા પહેલાં – નેઇલ વર્નિશ અને દાગીના સહિત – બધો મેકઅપ દૂર કરો. તમે લગ્નની વીંટી પહેરેલી રાખી શકો છો.
- ઝભ્ભા/ફ્રૂર્તી કે ફ્લીસ (ઊનનું જેકેટ) જેવા થોડાક ઢીલાં કપડાં સાથે લાવો, જેમાં તમે આરામ અનુભવો અને જે તમને ગરમાવો આપી શકે. એડી વગરનાં જૂતાં પહેરો કે જેને સહેલાઈથી પાછા પહેરી શકાય.

## શું હું મારી સારવાર પહેલાં ખાઈ-પી શકું છું?

તમારે ક્યારે ખાવા-પીવાનું બંધ કરવું તે અંગે ક્લિનિક અથવા હોસ્પિટલ તમને સૂચનાઓ આપશે.

તમને સામાન્ય રીતે તમારી સારવારના છ કલાક પહેલાં ખાવાનું બંધ કરવાનું કહેવામાં આવશે, પણ તમે તમારી સારવારના બે કલાક પહેલાં સુધી સ્પષ્ટ પ્રવાહી પદાર્થોનું સેવન કરી શકો છો. તમને જે સ્પષ્ટ પ્રવાહી પદાર્થોનું સેવન કરવા દેવામાં આવશે તેમાં પાણી, પાતળો કરેલો રસ (નાના ટુકડા વગરનો) અને કાળી ચા કે કૉફી (દૂધ અથવા મલાઈ વગર) નો સમાવેશ થાય છે.

જો તમને ડાયાબિટીસ હોય, તો તમારે ક્યારે તમારી દવા લેવી અને ભોજન ખાવાનું બંધ કરવું જોઈએ તે વિશેની ચોક્કસ સૂચનાઓ અંગે પૂછવું જોઈએ.

## મારી સારવાર પહેલાં શું થશે?

તમે સામાન્ય રીતે કપડાં બદલી હોસ્પિટલનો ગાઉન પહેરશો. જ્યારે તમે પ્રક્રિયા રૂમમાં જશો, ત્યારે તમારા સીડેશનિષ્ટ તમારા શરીર સાથે નિરીક્ષણ કરવાના કેટલાંક સાધનોને જોડશે. ઉપયોગમાં લેવામાં

આવનારા સાધનો તમને કયા પ્રકારની પ્રક્રિયા અને શામક દવા આપવામાં આવી રહી છે તેના પર આધાર રાખશે, પણ સામાન્ય રીતે તેમાં નીચેનાનો સમાવેશ થશે:

- તમારા હાથની ભુજા પર બ્લડ પ્રેશર નિરીક્ષણનો પટ્ટો
- તમારા હૃદયના ધબકારા નોંધવા માટે તમારી છાતીના ઉપરના ભાગે લીડ્સ
- તમારા પ્રાણવાયુ (ઓક્સિજન) ના સ્તરોને માપવા માટે તમારી આંગળી પર એક ક્લિપ
- પ્લાસ્ટિકની એક પાતળી નળી કે જે તમે શ્વાસ વાટે કેટલો કાર્બન ડાયોક્સાઇડ છોડો છો તેની માત્રાને માપે છે. આ, સામાન્ય રીતે પ્રાણવાયુ (ઓક્સિજન) ના માસ્કથી જોડેલી હોય છે.

## કેવી રીતે નસ દ્વારા શામક દવા આપવામાં આવે છે?

- તમારા હાથની ભુજા અથવા તમારા હાથની પાછળના ભાગમાં આવેલી એક નસમાં દાખલ કરેલા એક ડ્રિપ (કેન્યુલા) મારફતે શામક દવા આપવામાં આવે છે. પ્રક્રિયા દરમિયાન તમને જેમ જેમ તેેની જરૂર પડે તે પ્રમાણે વધુ આપવામાં આવી શકે છે. તીવ્ર શામકતાવાળી સારવાર દરમિયાન સામાન્ય રીતે તમને તમારી નસમાં સતત રૂપથી દવા આપવામાં આવતી રહેશે.
- તમે સામાન્ય રીતે તમારા નાકની જરાક અંદર બેસાડેલી પ્લાસ્ટિક નળી અથવા ચહેરા પર લગાવેલા માસ્ક વાટે પ્રાણવાયુ (ઓક્સિજન) લઈ શકશો.

## શામક દવા લેવા પર કેવી અનુભૂતિ થાય છે?

દરેક લોકોમાં આની અલગ-અલગ અનુભૂતિ થશે, જે તેમને દવાની કેટલી માત્રા અપાય છે તેના પર આધાર રાખશે. તીવ્ર શામકતાની અવસ્થામાં તમે ઊંઘમાં સરી પડશો, પણ હળવી શામકતાની અવસ્થામાં તમે સામાન્ય રીતે સુખકારક રૂપી હળવાશ અનુભવશો.

જ્યારે અમે કેટલાક દર્દીઓને પૂછ્યું કે તેની કેવી અનુભૂતિ થાય છે, ત્યારે નીચેના મુજબ કેટલાક જવાબ મળ્યા હતા:

*'મને દિવાસ્વપ્નમાં હોવાની અને અત્યંત સુખાભાસની અનુભૂતિ થઈ'*

*'મને લાગ્યું કે તે પૂરા સમય દરમિયાન હું જાગૃત અવસ્થામાં હતો/હતી પણ વચ્ચે-વચ્ચે હું ઊંઘમાં સરી પડ્યો/પડી હોઈ શકે છે કારણ કે અચાનકથી થોડી વારમાં એક કલાક થઈ ગયો હતો'*

*'મને ખરેખર હળવાશ અને ખુશીની અનુભૂતિ થઈ હતી'*

*'તે વિચિત્ર હતું– મને મારી આસપાસ જે કંઈ બની રહ્યું હતું તેનાથી ખૂબ જ વિયુક્ત હોવાની અનુભૂતિ થઈ હતી.'*

## હું ક્યારે ઘરે જઈ શકું?

- જો તમે હળવી કે મધ્યમ શામકતાની અવસ્થામાં હશો, તો સામાન્ય પણે તમે તમારી સારવારના એક કલાકની અંદર ઘરે જઈ શકો છો.
- જો તમે તીવ્ર શામકતાની અવસ્થામાં હશો, તો તમારી રિકવરીમાં સંભવિત રીતે એકથી બે કલાકનો સમય લાગી શકે છે. તમે ક્યારે ઘરે જઈ શકો તે ઘણીવાર પ્રક્રિયાથી જ થતી રિકવરી પર આધારિત હોઈ શકે છે.

## શું તેના પછીના સમય માટે કોઈ મહત્ત્વપૂર્ણ સૂચનાઓ અનુસરવાની છે?

- આ પહેલાં જણાવ્યું તે મુજબ, કોઈ પુખ્ત વયની સમર્થ વ્યક્તિએ તમને કાર અથવા ટેક્સી દ્વારા – આદર્શ રીતે જાહેર પરિવહન દ્વારા નહીં – ઘરે લઈ જવાની જરૂર પડશે અને તમારી સાથે આખી રાત રહેવું પડશે. જો સારવાર બાદ તમારી સાથે જવા માટે કોઈ વ્યક્તિની વ્યવસ્થા કરવામાં આવી નહીં હોય, તો પ્રક્રિયા બાદ તમે કદાચ ઘરે જઈ શકશો નહીં.
- શામકતાને લીધે તમે હલનચલનમાં અસ્થિરતા અનુભવો એવું બને શકે છે. કૃપા કરીને દાદરો પર તકેદારી રાખો અને જો તમને અસ્થિરતા અનુભવાય તો કોઈને તમારી સાથે રહેવા માટે કહો.
- તમારી સારવાર બાદ 24 કલાક સુધી તમારી નિર્ણય લેવાની ક્ષમતા પર કદાચ અસર પડી શકે છે, તેથી કરીને તે સમય દરમિયાન તમારે કોઈ મહત્ત્વના નિર્ણયો લેવા જોઈએ નહીં. જો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યા હોવ તો તકેદારી રાખજો.
- તમારે 24 કલાક માટે કામ પર પાછા ફરવું ન જોઈએ, તમારા પર આશ્રિત વ્યક્તિઓની સંભાળ રાખવામાં શામેલ ન થવું જોઈએ, ડ્રાઇવ, રસોઈ ન કરવી જોઈએ અથવા કોઈપણ યંત્રોને ચલાવવું જોઈએ નહીં. તમારા શરીરમાંથી દવાની અસર છૂટવામાં 24 કલાકનો સમય લાગી શકે છે.
- તમારે પ્રક્રિયા બાદ 24 કલાક સુધી કોઈ આલ્કોહોલનું સેવન કરવું જોઈએ નહીં અથવા ઊંઘની ગોળીઓ લેવી જોઈએ નહીં.
- તમારા ડૉક્ટર હજુ આગળની સારવાર વિશેની લિખિત સૂચનાઓ આપશે કે જેને ઘરે અનુસરવાની રહેશે.
- હોસ્પિટલ તમને એક સંપર્ક ટેલિફોન નંબર આપશે કે જેના પર તમે ઘરે સારું ન લાગવા પર કૉલ કરી શકશો.
- જો પ્રક્રિયા બાદ તમે ચિંતિત હો, સારું લાગતું ન હોય અથવા આ નંબર મળી શકતો ન હોય, તો તમે તમારા GPને કૉલ કરી શકો છો, 111 પર રિંગ આપી શકો છો અથવા તો જરૂર પડવા પર કોઈ પુખ્ત વયની સમર્થ વ્યક્તિની સાથે તમારા સ્થાનિક અકસ્માત અને કટોકટી વિભાગ ખાતે જઈ શકો છો.

## તમે કદાચ તમારા એનેસ્થેટિસ્ટને પૂછવા માંગતા હો તેવા પ્રશ્નો

1 મને શામક દવા કોણ આપશે?

2 તમે શેની ભલામણ કરશો – શામક દવાની કે જનરલ એનેસ્થેટિકની?

3 શું મને કોઈ ખાસ જોખમો છે?

4 મારી શામકતાના પહેલાં મારે ક્યારે ખાવા-પીવાનું બંધ કરવું જોઈએ?

5 મારે પિક-અપની વ્યવસ્થા કયા સમય માટે કરવી જોઈએ?

## આડ-અસરો, ગૂંચવણો અને જોખમો

આધુનિક એનેસ્થેસિયામાં, ગંભીર સમસ્યાઓ ભાગ્યે જ થતી હોય છે. જોખમને સંપૂર્ણપણે દૂર કરી શકાતું નથી, પણ તાજેતરના વર્ષોમાં આધુનિક દવાઓ, સાધનો અને તાલીમને કારણે એનેસ્થેસિયાની પ્રક્રિયા વધુ સલામત બની ગઈ છે.

એનેસ્થેટિસ્ટો આ વિભાગામાં દર્શાવેલા બધા જોખમોને ટાળવા માટે ઘણી બધી કાળજી લેતા હોય છે. તમારા એનેસ્થેટિસ્ટ તમને આ જોખમો પૈકી કોઈપણ વિશે તથા તેને ટાળવા માટે લેવામાં આવેલા સાવચેતીનાં પગલાં વિશે વધુ માહિતી આપી શકશે.

દરેક વ્યક્તિ શબ્દો અને આંકડાઓનું અલગ-અલગ રીતે અર્થઘટન કરે છે. આ ધોરણ તમારી સહાય માટે ઉપલબ્ધ કરાયેલ છે.




| | | | | |
|---|---|---|---|---|
| દશમાંથી એક | સોમાંથી એક | હજારમાંથી એક | દશ હજારમાંથી એક | લાખમાંથી એક |
| તમારા કુટુંબની એક વ્યક્તિ | રસ્તા પરની એક વ્યક્તિ | ગામની એક વ્યક્તિ | નાનકડાં શહેરની એક વ્યક્તિ | મોટા શહેરની એક વ્યક્તિ |

તમે કોલેજની વેબસાઇટ પર રહેલા દર્દીની માહિતીના પેજ પરથી પણ વધુ માહિતી મેળવી શકો છો: www.rcoa.ac.uk/patientinfo

## વધારાના સ્રોતો

- જેને જનરલ એનેસ્થેટિક અથવા શામક દવામાં આપવામાં આવી હોય તેવી કોઈ વ્યક્તિની સાર-સંભાળ રાખવી (www.rcoa.ac.uk/patientinfo/sedation)
- ડેન્ટલ કેરની જોગવાઈમાં સભાન શામકતા માટેના ધોરણો. રોયલ કોલેજ ઓફ સર્જન્સ ઓફ ઇંગ્લેન્ડ અને રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટ્સ. *RCoA* 2015 (http://bit.ly/2T2mZh6).
- શામકતા સંબંધી સેવાઓની જોગવાઈ અંગેનું માર્ગદર્શન. *RCoA* 2016 (www.rcoa.ac.uk/gpas).
- આરોગ્યસંભાળની પ્રક્રિયાઓ માટે સલામત શામકતા પ્રેક્ટિસ: ધોરણો અને માર્ગદર્શન. મેડિકલ રોયલ કોલેજોની એકેડમી. *AoMRC* 2013 (http://bit.ly/301ndq8).

તમે કોલેજની વેબસાઇટ પર આપેલી પત્રિકાઓમાંથી વધુ માહિતી મેળવી શકો છો www.rcoa.ac.uk/patientinfo. પત્રિકાઓ, એનેસ્થેટિક વિભાગમાંથી અથવા તમારી હોસ્પિટલમાં રહેલા પૂર્વ-તપાસણી ક્લિનિકમાંથી પણ ઉપલબ્ધ થઈ શકે છે.

## તમારા એનેસ્થેટિકથી સંકળાયેલા જોખમો

એનેસ્થેટિકની સેવા લેવાથી અથવા એનેસ્થેટિક પ્રક્રિયા ઉપયોગમાં લેવાથી સંકળાયેલા ચોક્કસ જોખમો વિશેની પત્રિકાઓ કોલેજની વેબસાઇટ મારફતે પણ ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/risks/risk-leaflets. તે ઉપર યાદીબદ્ધ કરેલી દર્દીની માહિતીની પત્રિકાઓને પૂરક છે.

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયાસ કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે આ સામાન્ય માહિતી તમારી પાસેના બધા પ્રશ્નોને અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય તે દરેક વસ્તુ સાથે વ્યવહાર કરે એવી અપેક્ષા રાખતા નથી. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને, તમારે તમારી મેડિકલ ટીમ સાથે તમારી પસંદગીઓ અને કોઈપણ ચિંતાઓની ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા જાતે જ સલાહ તરીકે માનવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક હેતુ માટે કરી શકાય નહિ. સંપૂર્ણ અસ્વીકરણ માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો Translators without Borders (ટ્રાન્સ્લેટર વિથાઉટ બૉર્ડર્સ) સમુદાયના અનુવાદકો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામા આવેલ છે, પરંતુ તેમાં કેટલીક માહિતીના અચોક્કસ અને ખોટા અર્થઘટનનું જોખમ છે.

# તમારો શું મંતવ્ય છે તે અમને જણાવો

અમે આ પત્રિકાને બહેતર બનાવવા માટેના સૂચનોને આવકારીએ છીએ.

જો તમે કોઈ ટિપ્પણી કરવા માંગતા હો, તો કૃપા કરીને આ સરનામે તેને ઇમેઇલથી મોકલો: patientinformation@rcoa.ac.uk

**રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટ્સ (Royal College of Anaesthetists)**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG
020 7092 1500

## www.rcoa.ac.uk

### પ્રથમ આવૃત્તિ 2018

આ પત્રિકાને પ્રકાશિત કર્યાની તારીખથી ત્રણ વર્ષની અંદર તેની સમીક્ષા કરવામાં આવશે.

**© 2018 રોયલ કોલેજ ઓફ એનેસ્થેટિસ્ટ્સ (Royal College of Anaesthetists)**

દર્દીની માહિતીવાળી સામગ્રીઓને રજૂ કરવાના હેતુસર આ પત્રિકાની નકલ બનાવવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતને ટાંકો. જો તમે બીજા કોઈ પ્રકાશનમાં આ પત્રિકાના કોઈ ભાગને ઉપયોગમાં લેવા ઇચ્છતા હો, તો આને યોગ્ય માન્યતા આપવી આવશ્યક છે અને લૉગો, બ્રાન્ડિંગ અને છબીઓ દૂર કરેલી હોવી જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.